| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૦૭/૦૫/૨૦૨૨ |
| રજિસ્ટર તારીખ | :– ૦૭/૦૫/૨૦૨૨ |
| નિકાલ તારીખ | :– ૧૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૩ ૧૦ ૦૬ |

## ગાંધીધામના મહે. ત્રીજા અધિક ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તા. ગાંધીધામ–કચ્છ.

**ફોજદારી કેસ નંબર : ૧૬૧૮/૨૦૨૨**

(ગાંધીધામ 'બી' ડીવી. પો.સ્ટે.ના ગુના રજિ.નં...૦૧૮૬/૨૦૨૨)

**આંક : – ૫૫**

**ફરીયાદી :** **શ્રી સરકાર.**

**વિરુદ્ધ**

**આરોપીઓ :–**

(૧) **ભરતભાઈ ધારશીભાઈ દેવીપુજક (જીજુવાડીયા),**
ઉ.વ.આ.૩૦, ધંધો–વેપાર,
રહે. ગળપાદર, શાન્તીધામ–૦૫, રામચંદભાઈના મકાનમાં, તાલુકો–ગાંધીધામ–કચ્છ.
મુળ રહે. જેતલપુરા, તા.સમી, જીલ્લો–પાટણ.

(૨) **રાજુભાઈ લક્ષ્મણભાઈ દેવીપુજક (જીજુવાડીયા),**
ઉ.વ.આ.૩૪, ધંધો–કુટનો,
રહે. કાર્ગો આઝાદનગર, તાલુકો–ગાંધીધામ–કચ્છ.
મુળ રહે. રાધનપુર, તા.રાધનપુર, જીલ્લો–પાટણ.

(૩) **ગંગાબેન રાજુભાઈ દેવીપુજક (જીજુવાડીયા)**
ઉ.વ.આ.૩૨, ધંધો–ઘરકામ,
રહે. કાર્ગો આઝાદનગર ઝુંપડા,ગાંધીધામ–કચ્છ.

**ફરીયાદ પક્ષ તરફે વિ. એપીપીશ્રી એમ.એ.કોટક.**
**આરોપીઓ તરફે વિ. વકીલશ્રી એમ.ટી.આહિર.**

**<u>ગુનો:</u>** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ:૩૨૩,૨૯૪(ખ),૧૧૪</u>**

**<u>તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો.</u>**

**– : : <u>ચુકાદો</u> : : –**

(૧) આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરિયાદીના દિકરા વિક્રમ સાથે બોલાચાલી કરી આરોપી નં. ૧ વાળાએ ફરિયાદીના દિકરા હિતેષ ઉ.વ.૧૫ વાળાની ડાબી આંખ ઉપર ધોકો તથા આરોપી નં. ૨ વાળા ફરિયાદીના દિકરા રોનક ઉ.વ.૧૨ વાળાને ઝાપટ મારી તેમજ આરોપી નં. ૩ વાળા સહીત માં–બેન સમી ભુંડી ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. શ્રી ડી.એમ. સાહેબ ભુજ–કચ્છના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો ગાંધીધામ 'બી' ડીવી. પો.સ્ટે.ના ગુના રજિ.નં...૦૧૮૬/૨૦૨૨ નો નોંધાયેલો જે કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ હાલનું આ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ કરેલું છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થયેથી આરોપીઓ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં આંક –૧૯ થી આંક–૨૧ ના નિવેદનથીઆરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| **<u>ક્રમ</u>** | **<u>સાહેદનું નામ</u>** | **<u>આંક</u>** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ નીલેશભાઈ દેવાભાઈ ગોહીલની જુબાની | ૨૨ |
| ૨ | પંચ સાહેદ પ્રકાશ કિશોરી રાયની જુબાની | ૨૪ |
| ૩ | પંચ સાહેદ વિવેક કિશોરભાઈ સીધ્ધપુરાની જુબાની | ૨૫ |
| ૪ | સાહેદ ડો. શ્રી આદીલ ઝહીરભાઈ કુરેશીની જુબાની | ૪૨ |
| ૫ | ફરિયાદી ગણપતભાઈ સોમાભાઈ દેવીપુજકની જુબાની | ૫૦ |
| ૬ | સાહેદ વિક્રમભાઈ ગણપતભાઈ દેવીપુજકની જુબાની | ૫૨ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચનામું | ૨૩ |
| ૨ | ફરિયાદ | ૫૧ |

**(૪)** ફરીયાદ પક્ષે ફરીયાદી દવારા આંક – ૫૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો ન હોવાનું જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આરોપીઓનું સી.આર.પી.સી. કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો રજુ થયેલ ન હોઈ જેથી આરોપીઓનું વિશેષ નિવેદન (એફ.એસ.) લેવામાં આવેલ નથી.

**(૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રીની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી.

**(૬)** ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.** **(૧).** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીના દિકરા વિક્રમ સાથે બોલાચાલી કરી આરોપી નં. ૧ વાળાએ ફરિયાદીના દિકરા હિતેષ ઉ.વ.૧૫ વાળાની ડાબી આંખ ઉપર ધોકો તથા આરોપી નં. ૨ વાળા ફરિયાદીના દિકરા રોનક ઉ.વ.૧૨ વાળાને ઝાપટ મારી તેમજ આરોપી નં. ૩

વાળા સહીત માં–બેન સમી ભુંડી ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. શ્રી ડી.એમ. સાહેબ ભુજ–કચ્છના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૨૯૪ (ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો અદાલતની હકુમતમાં કરેલ છે ?

**(૨).** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્ધાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

**મુદ્ધા નં. (૧).** **નકારમાં.**

**મુદ્ધા નં. (૨).** **આખરી હુકમ મુજબ.**

**(૮) મુદ્ધા નં.૧ : –**

ફરીયાદ પક્ષે આંક – ૨૨ થી પંચ સાહેદ નીલેશભાઈ દેવાભાઈ ગોહીલ તથા આંક – ૨૪ થી પંચ સાહેદ પ્રકાશ કીશોરી રાયનાઓને તપાસેલા છે જેઓ આંક–૨૩ વાળા સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદરહું પંચ સાહેદો પંચનામાને સમર્થન કારી જુબાની આપેલ ન હોઈ તેમજ એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

આરોપી તરફે લેવામાં ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ જયારે સહી કરી ત્યારે તેઓના સિવાય કોઈ અન્ય વ્યકિત હાજર ન હતા. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓને પોલીસે કોઈ જગ્યા બતાવેલી હોય તેવું

બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ પંચનામામાં સહી કરવા સિવાય કઈ જાણતા નથી.આમ, સદર બન્ને પંચ સાહેદોની જુબાની પરથી આંક–૨૩ વાળા સ્થાનિક જગ્યાનું પંચનામું પુરવાર થતુ નથી.

(૯) ફરીયાદ પક્ષે આંક – ૨૫ થી પંચ સાહેદ વિવેક કિશોરભાઈ સીધ્ધપુરાનાઓને તપાસેલા છે જેઓ આંક–૨૬ વાળા અટક પંચનામાના પંચ સાહેદ છે. સદરહું પંચ સાહેદ પંચનામાને સમર્થન કારી જુબાની આપેલ ન હોઈ તેમજ એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

આરોપી તરફે લેવામાં ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ જયારે સહી કરી ત્યારે તેઓના સિવાય કોઈ અન્ય વ્યકિત હાજર ન હતા. એ વાતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઈને અટક કરેલ હોય તેવું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ પંચનામામાં સહી કરવા સિવાય કઈ જાણતા નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઈ ઈસમ પાસેથી કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી. આમ, સદર પંચ સાહેદની જુબાની પરથી આંક–૨૬ વાળા અટક પંચનામું પુરવાર થતુ નથી.

(૧૦) ફરિયાદ પક્ષે આંક–૪૨ થી ડો. શ્રી આદિલ ઝહીરભાઈ કુરેશીનાઓને તપાસેલ છે જેઓ પુરાવો આપે છે કે, તા.૧૮/૩/૨૦૨૨ ના રોજ તેઓ આદિપુર રામબાગ હોસ્પીટલમાં ડેપ્યુટેશનમાં મેડીકલ ઓફીસ તરીકે ફરજ પર હતા તે દરમીયાન કલાક ૮ : ૨૦ પી.એમ. ઈજા પામનાર હિતેષ ગણપત દેવીપુજક ઉ.વ.૧૫ ને ગણપતભાઈ દેવીપુજક જે તેના પિતા હતા

તે લઈને આવેલા. આ દર્દીને હીસ્ટ્રી પુછતા રાજાભાઈ લખનભાઈએ તેઓને મારેલું તેવું જણાવેલું. આ દર્દીને તપાસતા જેને (૧) દર્દીની ડાબી આંખાના સાઈડડડડડના ભાગે ૧ × ૧ સે.મી. નો કપાયેલો તથા છુંદાયેલા ઘા જોવામાં આવેલો. (૨) આ દર્દીને તેઓએ પ્રાથમીક સારવાર આપી અને તે દિવસે જ રજા આપેલી. તેઓના અભિપ્રાય મુજબ આ દર્દીની ઈજા તીક્ષ્ણ હથીયારથી થઈ શકે તેવી હતી. આ ઈજા સાદી હતી અને કોઈ કોમ્પલીકેશન ના થાય તો આશરે દસ દિવસમાં મટી શકે તેવી હતી. તેઓએ આ સારવાર અંગેનું સારવાર સર્ટીફીકેટ તેઓના હસ્તાક્ષરમાં તયાર કરી તેઓની સહી કરી અને પોલીસને આપેલ જેની તેઓની ઓફીસની નકલ આજરોજ તેઓ સાથે લાવેલ છે જે આંક–૪૩ થી કામમાં સામેલ રાખેલ છે.

આરોપીપક્ષે થયેલ ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરે છે કે, આ દર્દીને ઈજા કઈ રીતે થયેલી તે અંગે કોઈ હીસ્ટ્રી તેઓને જણાવેલી નહીં. એ વાતનો સ્વીકાર કરે છે કે, આ દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તેઓના સારવાર સર્ટીમાં જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, પડી જવાથી કોઈ ધારદાર પથ્થર વાગી જાય તો આવી ઈજા થઈ શકે. એ વાતનો ઈન્કાર કરે છે કે, ઈજા પામનાર તેઓની પાસે કોઈ સારવાર માટે આવેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, દર્દીએ હીસ્ટ્રીમાં કયા હથીયારથી ઈજા થયેલી તે જણાવેલ નથી.

આમ, સદર ડોકટર સાહેદની સમગ્ર જુબાની મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ રામબાગ હોસ્પીટલમાં ડેપ્યુટેશનમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા તે દરમીયાન ઈજા પામનાર હિતેષ ગણપત દેવીપુજક ને ગણપતભાઈ દેવીપુજક જે તેના પિતા હતા તે લઈને આવેલા. આ દર્દીને હીસ્ટ્રી

પુછતા રાજાભાઈ લખનભાઈએ તેઓને મારેલું તેવું જણાવેલું તેમજ તેઓને થયેલ ઈજાઓ દર્શાવેલ છે. આ દર્દીને પ્રાથમીક સારવાર આપેલ હોવાનું તેમજ તે જ દિવસે રજા આપેલ હોવાનું તેમજ તેઓના અભિપ્રાય મુજબ આ દર્દીની ઈજા તીક્ષ્ણ હથીયારથી થઈ શકે તેવી હતી તેમજ આ ઈજા સાદી હતી તે અંગેનું આંક–૪૩ વાળું સારવાર સર્ટીફીકેટ રજુ રાખેલ છે તેમજ ઉલટતપાસમાં આ દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તેઓના સારવાર સર્ટીમાં જણાવેલ ન હોવાનું તેમજ પડી જવાથી કોઈ ધારદાર પથ્થર વાગી જાય તો આવી ઈજા થઈ શકે તેમ હોવાનું તેમજ દર્દીએ હીસ્ટ્રીમાં કયાં હથીયારથી ઈજા થયેલી તે જણાવેલ નથી. જેથી હાલના આરોપીઓ ધ્વારા હાલના ઈજા પામનારને ઈજાઓ કરેલ હોય તેવી કોઈ જ હકિકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષે તદન નિષ્ફળ નીવડેલ છે. ત્યારે હાલના આરોપીઓએ આક્ષેપીત ગુનો કરેલ હોય તેવી કોઈ જ હકિકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૧૧)** વધુમાં આંક–૫૦ થી ફરિયાદી ગણપતભાઈ સોમાભાઈ દેવીપુજક નાઓને તપાસેલ છે જેઓ પુરાવો આપે છે કે, તેઓ છુટક મજુરીનું કામકાજ કરે છે. આશરે બે –ત્રણ વર્ષ પહેલા બનાવ બનેલો મહીનો તેઓને યાદ નથી પણ ધુળેટીના દિવસે બનાવ બનેલો. બનાવ ના દિવસે સાંજના ટાઈમે આશરે પાંચ સાડા પાંચ વાગ્યે તેઓનો દિકરો કૈલાશ, ઉ.વ.૧૨ નો જુના ઝુંપડાથી નવા ઝુંપડામાં આવતો હતો ત્યારે આઝાદનગર, ઝુંપડપટ્ટીમાં રાજુભાઈ લક્ષ્મણભાઈ દારુ પી ને જેમના ઘરની બહાર બેઠા હતા ત્યારે તેઓના દિકરા કૈલાશને ગાળ આપીને બોલાવેલો ત્યારે તેઓના દિકરાએ રાજુ લક્ષ્મણને કહેલ કે, 'તુ રોજ આવી રીતે ગાળો કાઢે છે તેથી હું નહીં આવું ' તેવું કહીને તેઓનો દિકરો ત્યાંથી હાલતો થયેલો અને પછી આ રાજુભાઈ લક્ષ્મણભાઈએ પાછળથી

આવીને તેઓના દિકરા કૈલાશને પગમાં લાકડી મારેલી પછી તેઓનો દિકરો રડતો રડતો ભાગીને ઘરે આવેલો અને કૈલાશે તેઓના બીજા દિકરા હિતેશને વાત કરેલી આવી રીતે તેઓને મારેલ છે જેથી બન્ને છોકરાઓ ભાગવા લાગેલા ત્યારે તેઓ નાહવા બેઠેલ હોય તેઓના માથામાં સાબુ લાગેલ હોય છતાંય તેઓ પણ જેઓની પાછળ ભાગેલો અને તેઓ તેઓના દિકરાને ઝાપડ મારીને પાછ લઈ આવતો હતો ત્યારે આ રાજુ લક્ષ્મણ અને ભરત ધારશી અને રાજુ લક્ષ્મણની ઘરવાળીએ આવીને પાછો ઝગડો ચાલુ કરી નાખેલો અને આ લોકો ભુંડી ગાળો બોલતા હતા અને જેમના હાથમાં લાકડી અને પાઈપ હતા અને આ લોકોએ તેઓના દિકરા હિતેશને આંખના અને માથાના ભાગે પાઈપ અને લાકડી ભરતે અને રાજુ લક્ષ્મણે મારેલી જેથી તેઓના દિકરાને આંખના અને માથાના ભાગેથી લોહી નીકળતુ હોય તેઓ જેને પ્રાઈવેટ વાહનમાં બેસાડી રામબાગ હોસ્પીટલ સારવાર માટે લઈ ગયેલા અને તે વખતે આ લોકોએ પાછળથી તેઓના ઘરમાં જઈને સામાનની તોડફોડ કરેલી તેઓ દવાખાને જઈને તેઓના દિકરાની સારવાર કરાવેલી અને ત્યારબાદ બનાવ બાબતની તેઓએ પોલીસ રુબરુ ફરિયાદ આપેલી જે ફરિયાદ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે ફરિયાદ આંક–૫૧ થી કામમાં સામેલ રાખેલ છે. આ કામના આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી. આરોપી તરફે ઓળખની તકરાર જતી કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી નં. ૩ રાજુભાઈ લક્ષ્મણભાઈની ઘરવાળી જેઓનું આશરે નામ ગંગાબેન છે. તેઓને મુદામાલ પાવતી નં. ૭૭/૨૨ ના આર્ટીકલ નં. ૧ વાળો લાકડાનો ધોકો બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે આ તે લાકડી નથી

બનાવ સમયે જે લાકડી હતી તે આ લાકડી કરતા લાંબી અને જાડી હતી. હવે તેઓ નજીકથી જોઈને કહે છે કે, આ લાકડી તે જ છે જે તેઓના દિકરા હીતેશને રાજુ લક્ષ્મણે મારેલી.

સદર ફરિયાદીની આરોપીપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ અભણ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતું નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ જયાં રહે છે ત્યાં ઘણા બધા મકાનો આવેલા છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓ તેઓના સમાજના હોય તેમજ તેઓના પાડોશમાં રહેતા હોય તેથી જેઓને તેઓ ઓળખે છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, કહેવાતો બનાવ બનેલો ત્યારે તેઓ તેઓના ઘરે હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ લોકો તેઓના એક છોકરાનો જયારે બનાવ બન્યો હતો ત્યારે તેઓ ઘરે હતા અને પછી બીજા છોકરાનો બનાવ બન્યો ત્યારે તેઓ ત્યાં પહોંચી ગયેલા તેઓ તેઓના છોકરાને ઘરે લઈઈને આવી ગયેલો. એ વાતનો ઈન્કાર કરે છે કે, ''જુના ઝુંપડાથી નવા ઝુંપડામાં આવતો હતો ત્યારે આઝાદનગર, ઝુંપડપટ્ટીમાં રાજુભાઈ લક્ષ્મણભાઈ દારુ પીને તેમના ઘરની બહાર બેઠા હતા ત્યારે તેઓના દિકરા કૈલાશને ગાળ આપીને બોલાવેલો ત્યારે તેઓના દિકરાએ રાજુ લક્ષ્મણને કહેલ કે, તુ રોજ આવી રીતે ગાળો કાઢે છે તેથી હું નહીં આવું'' એવી હકિકત તેઓની પોલીસ રુબરુની ફરિયાદમાં તેઓએ લખાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, ''મારા દિકરા કૈલાશને પગમાં લાકડી મારેલી પછી તેઓનો દિકરો રડતો રડતો ભાગીને ઘરે આવેલો અને કૈલાશે મારા બીજા દિકરા હિતેશને વાત કરેલી આવી રીતે મને મારેલ છે જેથી બન્ને છોકરાઓ ભાગવા લાગેલા ત્યારે તેઓ નાહવા બેઠેલ'' એવી હકિકત ફરિયાદમાં લખાવેલ

નહીં. એ વાતનો ઈન્કાર કરે છે કે, બનાવ સમયે તેઓએ કોઈ ફરિયાદ આપેલી નહીં. એ વાતનો સ્વીકાર કરે છે કે, જે પ્રાઈવેટ વાહનમાં હોસ્પીટલે ગયેલા તે વાહનના રજીસ્ટ્રેશન નંબર તેઓની ફરિયાદમાં જણાવેલ નહીં . સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હાઈવે ઉપર રીક્ષા ઉભી રખાવેલ અને તે રીક્ષામાં ગયેલા તેઓને નંબર ખબર નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ રામબાગ હોસ્પીટલે કેટલા વાગ્યે પહોચેલા તે તેઓની ફરિયાદમાં જણાવેલ નથી. તેઓએ હાલના બનાવની ફરિયાદ ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપેલી. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપી રાજુ લક્ષ્મણભાઈએ તેઓના તથા તેઓના બે દિકરા પર મારકુટ, ગાળીગલોચ તથા જાનથી મારી નાખવા બાબતની ફરિયાદ કરેલ. એ વાતનો ઈન્કાર કરે છે કે, આ ફરિયાદનુ મનદુ:ખ રાખી હાલની ખોટી ફરિયાદ આરોપીઓ વિરુધ્ધ કરેલી છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, મુદામાલમાં રજુ થયેલી લાકડી બજારમાંથી આસાનીથી મળી શકે. એ વાતનો ઈન્કાર કરે છે કે, કહેવાતા આરોપીઓએ તેઓના ઘરે સામાનની તોડફોડ કરેલ હોય તેવું બનેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, પોલીસે તેઓનું માત્ર નામઠામ પુછેલું. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓના દિકરાને પડી જવાથી ઈજા થયેલી છે. એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપીઓ સાથે અગાઉની ફરિયાદનું મનદુખ હોય તેથી હાલના આરોપીઓ વિરુધ્ધ જેમને હેરાન પરેશાન કરવા ખોટી ફરિયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરે છે કે, સરતપાસમાં જણાવેલ તમામ હકિકત સોગંદ પર ખોટી જણાવે છે. એ વાતનો ઈન્કાર કરે છે કે, કહેવાતી મુદામાલ લાકડી આજરોજ ખોટી રીતે ઓળખી બતાવે છે.

આમ, સદર આરોપીની સમગ્ર જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવ બનેલ ત્યારે તેઓ નાહવા બેઠેલ હોવાનું જણાવેલ છે,

જયારે ઉલટતપાસમાં કહેવાતો બનાવ બનેલો ત્યારે તેઓ તેઓના ઘરે હોવાનું જણાવેલ છે તેમજ સ્વેચ્છાએ જણાવે છે કે, આ લોકો તેઓના એક છોકરાનો જયારે બનાવ બન્યો ત્યારે તેઓ ઘરે તા અને પછી બીજા છોકરાનો બનાવ બન્યો ત્યારે તેઓ ત્યાં પહોંચી ગયેલો, તેઓ તેઓના છોકરાને ઘરે લઈને આવી ગયેલા હોવાનું સ્વીકારી જાય છે ત્યારે સદર ફરિયાદીની વિરોધાભાષી જુબાની પર આધાર રાખી શકાય તેમ નથી તેમજ સરતપાસમાં મુદામાલ લાકડાનો ધોકો બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે આ તે લાકડી નથી, બનાવ સમયે જે લાકડી હતી તે આ લાકડી કરતા લાંધી અને જાડી હતી તેમ જણાવ્યા બાદ તેઓ નજીકથી જોઈને કહે છે કે, આ લાકડી તે જ છે જે તેઓના દિકરા હિતેશને રાજુ લક્ષ્મણે મારેલ હોવાનું જણાવેલ છે આમ, મુદામાલ ઓળખ અંગે શંકા ઉદભવે છે .આમ, સદર ફરિયાદીની જુબાનીમાં વિરોધાભાષ જણાય આવે છે તેમજ કોઈ સાહેદ દ્વારા સદર ફરિયાદીની ફરિયાદ મુજબની હકિકતોને સમર્થનરુપ પુરાવો રજુ રાખેલ નથી ત્યારે હાલના આરોપીઓએ આક્ષેપીત ગુનો કરેલ છે તે હકિકત શંકા ઉદભવે છે.

**(૧૨)** વધુમાં આંક–પર થી સાહેદ વિક્રમભાઈ ગણપતભાઈ દેવીપુજક નાઓને તપાસેલ છે જેઓ પુરાવો આપે છે કે, બનાવ આશરે ૩–૪ વર્ષ પહેલા બનેલો બનાવ વખતે તેઓને અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી અને તેઓ વિશેષમાં બીજુ કાઈ કહેવા માં ગતા નથી. પોલીસે તેઓની પુછપરછ કરેલી. આ કામના આરોપીઓ કોર્ટમાં હાજર છે તેમને તેઓ જોયેથી ઓળખી શકે.

સદરહું સાહેદ ફરિયાદપક્ષની હકિકતે સમર્થન કારી જુબાની આપેલ ન હોઈ તેમજ એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર

કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર સાહેદની આરોપીપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓના અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલ થયેલ તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓએ તેઓને ભુડી ગાળો આપેલ હોય તેવું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, પોલીસે ફકત તેઓનુ નામઠામ પુછેલુ અને તેઓનું નિવેદન નોંધેલું.

આમ, સદર સાહેદની જુબાની પરથી ફરિયાદપક્ષની હકિકતને લેશમાત્ર સમર્થન મળતું નથી.

**(૧૩)** ફરિયાદ પક્ષે રજૂ પુરાવો ધ્યાને રાખતાં તથા પુરાવાનું મુલ્યાંકન ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે ફરીયાદી, સાહેદો તથા પંચ સાહેદોએ ફરીયાદપક્ષની હકિકતને સમર્થનકારી રુપ કોઈ પુરાવો રજુ રાખેલ નથી. આમ, હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરિયાદ પક્ષના ઉપરોકત રજુ થયેલ પુરાવાથી પુરવાર થતી નથી, તેથી આરોપીઓને હાલના ગુનામાં સાંકળી, તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવાના તારણ ઉપર આ અદાલત આવેલ છે અને મુદ્દા નં. ૨ અન્વયેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામે આરોપીઓ **(૧) ભરતભાઈ ધારશીભાઈ દેવીપુજક (જીજુવાડીયા)**,ઉ.વ.આ.૩૦, ધંધો–વેપાર, રહે. ગળપાદર, શાન્તીધામ–૦૫, રામચંદભાઈના મકાનમાં, તાલુકો–ગાંધીધામ–કચ્છ, મુળ રહે. જેતલપુરા,

તા.સમી, જીલ્લો–પાટણ,**(૨) રાજુભાઈ લક્ષ્મણભાઈ દેવીપુજક (જીજુવાડીયા)**,ઉ.વ.આ.૩૪, ધંધો–ફ્રુટનો,રહે. કાર્ગો આઝાદનગર, તાલુકો–ગાંધીધામ–કચ્છ,મુળ રહે. રાધનપુર, તાલુકો–રાધનપુર, જીલ્લો–પાટણ,**(૩) ગંગાબેન રાજુભાઈ દેવીપુજક (જીજુવાડીયા),** ઉ.વ.આ.૩૨, ધંધો–ઘરકામ,તમામ રહે. કાર્ગો આઝાદનગર ઝુંપડા, ગાં ધીધામ–કચ્છનાઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૫૫ (૧)** અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી પુરતા પુરાવાઓના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીના મૂળ ખત–જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

(૩) મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૩–મી, માહે : માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તારીખ:– ૧૩/૦૩/૨૦૨૬ **(મીસ. પરાગી કૃષ્ણકુમાર વ્યાસ )**
ગાંધીધામ – કચ્છ. ત્રીજા અધીક ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ
ગાંધીધામ – કચ્છ.
(જી.જે. ૦૦૬૪૩)